सत्यमेव जयते

દાખલ તારીખ : ૧૨/૦૧/૨૦૧૫
નોંધ્યા તારીખ : ૧૨/૦૧/૨૦૧૫
નિર્ણય તારીખ : ૦૧/૧૦/૨૦૧૮.
સમય ગાળો : વર્ષ, માસ, દિવસ,
૦૩ ૦૮ ૨૦

**મહે.ત્રીજા અડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. ઉના.**

**જી.ગીર–સોમનાથ.**

**સેશન્સ કેસ નંબર.૦૧/૨૦૧૫.**

**આંક :– .**

**શ્રી સ ર કા ર ,**

(ઉનાપો.સ્ટે. ગુ. ર. નં. II–૩૦૮૩/૧૨) **............. ફરિયાદી.**

**–:: વિરુધ્ધ ::–**

**કમલેશ ગોવીંદભાઈ રાઠોડ,**

ઉ.વ.–૨૧, જાતે–દલીત,

રહે.અંજાર, તા.ઉના, જી. ગિર સોમનાથ. **...............આરોપી.**

**ગુન્હો :–ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ.**

==========================================

ફરિયાદી તરફે :– વિધ્વાન એડી. પી. પી. શ્રી આર. એસ. સોલંકી
આરોપી તરફેઃ– વિધ્વાન એડવોકેટ શ્રી. બી. બી. સોલંકી,

==========================================

**–:: ચુ કા દો ::–**

**(૦૧).** આ કામના આરોપી સામે ઉના પોલીસ સ્ટેશન સેકન્ડ–ગુ. રજી. નં. ૩૦૮૩/૧૪ થી આઈ.પી.સી.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબનો ગુનો નોંધાયેલ છે.

**(૦૨).** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે," ફરીયાદી વનિતાબેન વા/ઓ.કાળાભાઈ કેશરભાઈ જણકાટ, ઉ.વ.–૪૦, ધંધો–ઘરકામ, રહે.અંજાર, તા.ઉના વાળીએ રુબરુમાં સરકાર દવાખાને પોતાની ફરીયાદ હકીકત લખાવેલ છે કે,ઉપર જણાવેલા સરનામે તેના કુટુંબ સાથે રહે છે અને ઘરકામ કરે છે અને તેમનો પતિ કાળો પી.જી.વી.સી.એલ.માં ફરજ બજાવે છે.

આજ રોજ બપોરના આશરે સાડત્રણેક વાગ્યાના સુમારે તેણી તેમના ઘરના દરવાજાની બહાર તેમનો દિકરો મોટરસાયકલ લઈને બહાર જતો રહેલો હોય, જેથી તેણી તેની પાછળ –પાછળ જોવા બોલાવવા માટે ગયેલી, ત્યારે ત્યાં તેમના ગામનો હરિજન કમલેશ ગોવીંદ રાઠોડ દારુ પીઈને આવેલો અને જેમ ફાવે તેમ તેમને ભુંડીગાળો કાઢવા લાગેલ, જેથી તેણીએ તેમને ગાળો કાઢવાની ના પાડતા તે તેણીની ઉપર ઉશ્કેરાઈ જઈ તેણીને ઢીકા પાટેનો માર મારવા લાગેલ,જેથી દેકારો થતાં આજુ બાજુના માણસો ભેગા થઈ ગયેલા અને તેણીએ ડોકમા પડેલો સોનાનો ચેઈન પણ તુટી ગયેલ છે, ત્યારબાદ તેને ધમકી આપેલ કે તારે જયાં ફરીયાદ કરવી હોય ત્યાં કરી લેજે, પણ તેને એકલી મળીશ કે નીકળીશ તો તને જાનથી મારી નાખીશ, તેવી ધમકી આપી જતો રહેલો, ત્યારબાદ તેણનો પતિ તેમજ તેના જેઠ હાથીભાઈ આમ બંને જણા આવી જતા, તેણીએ આ બનાવની વાત તેઓને કરેલી, ત્યારબાદ તેમને તેના ડાબા પગમાં તેમજ તેમના ગળામાં મુઢ ઈજાઓ થયેલી હોય જેથી તેણી તેના પતિ કાળા સાથે તેમની મોટર સાયકલ ઉપર ઉના સરકારી દવાખાને સારવારમાં આવેલી છું. તેમણે ડોકટર સાહેબ પાસે સારવાર લીધેલી છે. તો તેઓ વિરુધ્ધ ધોરણસર થવા મારી ફરીયાદ છે જે વાંચી સંભળાવતા તેમના લખાવ્યા મુજબ બરાબર અને ખરી હોઈ નીચે તેમના અંગુંઠાનું નિશાન કરી આપેલ છે." વગેરે મતલબની ફરીયાદ આપેલી છે.

આરોપીએ ઉપર મુજબનો ગુનો કર્યા અંગેની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ છે. આ ગુનાની તપાસના અંતે તપાસ કરનાર અમલદારે આરોપી સામે ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૦૩).** પ્રસ્તૃત ગુન્હાનું ચાર્જશીટ વિ.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) ઉનાની કોર્ટમાં દાખલ થતાં ફોજદારી કેસ નં.૬૩૦/૧૨ થી સદર ચાર્જશીટ રજીસ્ટરે નોંધી આરોપી સામેનો ગુન્હો જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટની ન્યાયિક હકૂમતનો હોય, પરંતુ સદર બનાવમાં સામસામી ફરીયાદ થયેલ હોય અને હાલના ફરીયાદી સામેનો ગુનો આઈ.પી.સી તેમજ એટ્રોસીટી એકટ અન્વયે સ્પેશ્યલ કોર્ટની કેટેગરીનો હોય, બંને કેસ એક જ

બનાવમાંથી ઉદ્દભવેલ હોય, જે કેસ સ્પે.એટ્રો.કેસ નં.૮૭/૧૨ થી અત્રેની અદાલત સમક્ષ પેન્ડીંગ હોય જેથી બંને કેસ એકસાથે ચાલે તે હેતુસર આ કેસને સી.આર.પી.સી. કલમ–૨૦૯ અન્વયે સદર કેસ ઉના મે.એડી.સેશન્સ અદાલતમાં કમીટ કરવામાં આવેલ ત્યાં આ કેસને સે. કે. નં.૦૧/૧૫ થી રજીસ્ટરે નોંધવામાં આવેલ છે.

**(૦૪).** પ્રસ્તૃત કેસ આરોપી સામે કમીટ થઈ આવતા તેઓની ધોરણસર સમન્સ ઈસ્યુ કરવામાં આવતા તેઓ પોતાના વિ.વ.શ્રી મારફતે હાજર થતા સી. આર. પી. સી. કલમ–૨૦૭ અન્વયે કેસ પેપર્સની નકલો મળેલ છે તેની ખરાઈ કરવામાં આવેલી છે અને મારા પૂરોગામી વિ.ન્યાયાધિશ સાહેબ ધ્વારા તા.૦૯/૦૧/૧૭ નારોજ આંક–૨૪ થી આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબના ગુનાનુ તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક–૨૫ થી સદર તહોમતનામાં અનુસંધાને તેઓની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી છે.

**(૦૫).** ફરીયાદપક્ષ પોતાનો કેસને સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ છે.

## <u>મૌખિક પુરાવો</u>

| ક્રમ | આંક | સાહેદનું નામ | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૨૮ | પંચસાહેદ રાજેશભાઈ ખોડાભાઈ રાઠોડ | ૧૧/૧૨/૧૭ |
| ૨. | ૩૦ | પંચસાહેદ મહેબુબભાઈ શબ્બીર મહંમદ બ્લોચ | ૧૧/૧૨/૧૭ |
| ૩. | ૩૨ | પંચસાહેદ સિરાજભાઈ નૂરમહંમદ સંધી | ૧૨/૦૩/૧૮ |
| ૪. | ૩૪ | ફરીયાદી વનિતાબેન કાળાભાઈ જણકાટ | ૧૮/૦૧/૧૮ |
| ૫. | ૩૬ | સાહેદ હરીભાઈ કેશરભાઈ જણકાટ | ૧૮/૦૧/૧૮ |
| ૬. | ૩૭ | સાહેદ જેસીંગભાઈ કેશરભાઈ જણકાટ | ૧૮/૦૧/૧૮ |
| ૭. | ૩૮ | સાહેદ કાળાભાઈ કેશરભાઈ જણકાટ | ૩૦/૦૧/૧૮ |
| ૮. | ૪૨ | પંચસાહેદ ભુપતભાઈ લાખાભાઈ બાંભણીયા | ૧૩/૦૩/૧૮ |
| ૯. | ૪૩ | સાહેદ કાળાભાઈ વશરામભાઈ વાઢીયા,એએસઆઈ | ૦૭/૦૪/૧૮ |
| ૧૦ | ૪૬ | સાહેદ ડો.વિકાશ પરસોતમભાઈ ગોહીલ, મે.ઓ.ઉના | ૧૯/૦૬/૧૮ |
| ૧૧ | ૪૮ | સાહેદ રામનાથ ફુલનાથ ગોસાઈ,એએસઆઈ | –''– |
| ૧૨ | ૫૨ | ત.અ. રાકેશ બલદેવકૃષ્ણ શર્મા, નિ.ડી.વાય.એસ.પી. | ૨૪/૦૮/૧૮ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | આંક | દસ્તાવેજનું વર્ણન | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૨૯ | સ્થાનિક જગ્યાનું પંચનામું | ૩૧/૦૩/૧૨ |
| ૨. | ૩૧ | આરોપીના અટક પંચનામાં | ૦૨/૦૪/૧૨ |
| ૩. | ૩૫ | એફ.આઈ.આર. | ૦૧/૦૫/૧૪ |
| ૪. | ૪૪ | ગુનાની અસલ ફરીયાદ | ૩૦/૦૩/૧૨ |
| ૫. | ૪૭ | મેડીકલ સર્ટીફિકેટ | –''– |
| ૬. | ૪૯ | સ્ટેશન ડાયરીનો ઉતારો | –''– |
| ૭. | ૫૩ | એફ.આઈ.આર.(ક્રોસ કેસની) | –''– |

તે સિવાય વિશેષ કોઈ મૌખિક કે, દસ્તાવેજી પુરાવો ફરિયાદ પક્ષે રજુ કરેલ ન હોય આંક–૫૪ થી તા.૨૪/૦૮/૨૦૧૮નારોજ પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૦૬).** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં ક્રિ.પ્રો.કો.ક.૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે અને જેમાં મુખ્યત્વે આરોપીએ તેમની સામેના આક્ષેપો મુજબનો ગુનો કર્યો હોવાનો ઈન્કાર કરેલ છે. આરોપીએ પોતાના બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી કે, અન્ય કોઈ પુરાવો આપેલ નથી.

**(૦૭).** પ્રસ્તુત કેસમાં ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા નં.૧</u> :–** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના ફરીયાદી તા.૩૦/૩/૧૨ નારોજ અંજાર ગામે બપોરના કલાક–૧૫–૩૦ વાગ્યે ફરીયાદીના ઘર પાસે ભુંડી ગાળો કાઢી,ઉશ્કેરાઈ જઈ ઢીકા–પાટુ વડે મારમારી, જાનથી મારી નાખવાની ધમકી આપી આરોપીએ ઈ. પી. કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબ ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે ?

**<u>મુદ્દા નં.૨</u> :–** શું હુકમ ?

**(૦૮).** ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નં. ૧ :– ન કા ર માં,

મુદા નં. ૨ :– આખરી હુકમ મુજબ.

–// **કા ર ણો** //–

ઉપરોકત તારણો પરત્વેના કારણો નીચે મુજબ છે. સદર કામે ઉપરોકત મુદા ચર્ચા સરળતા ખાતર અને પુરાવાનું પુનરાવર્તન અટકાવવાના આશયથી મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**ફરીયાદ પક્ષની દલીલો** :–

**(૦૯).** ફરીયાદપક્ષે એ.પી.પી.શ્રી એમ.કે.ગોહીલએ એવી રજુઆતો કરેલી છે કે, ફરીયાદીએ આંક–૧૧ની ફરીયાદ હકીકતે જણાવેલ છે કે, આરોપીએ ફરીયાદી સાથે બોલાચાલી કરી લાકડી ભુંડી ગાળો આપી ઢીકાપાટુ વડે માર મારીને આમ આરોપીએ ઈ.પી.કોડની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ હોવાના આક્ષેપ છે. ફરીયાદીએ આંક–૪૪ ની જુબાનીથી પુરાવાઓ ધ્વારા તેમજ તપાસ કરનાર અધિકારીના પુરાવા ધ્વારા ફરીયાદની હકીકતોને સમર્થન મળે છે. ફરીયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થતા ઢીકા–પાટુ વડે હુમલો કરેલ હોય જે બનાવને ફરીયાદપક્ષના સાહેદો પૂરતુ સમર્થન આપે છે. તેમજ અન્ય સાહેદ પુરાવાઓ તેમજ મેડીકલ પુરાવાથી પણ ફરીયાદીને ગળાના અને શરીરના અન્ય ભાગે ઈજા થયેલાનું તેમજ મેડીકલ હીસ્ટ્રીમાંથી પણ સમર્થન પ્રાપ્ત થતું હોય, આમ સમગ્ર પૂરાવાઓ જોતા ફરીયાદપક્ષનો કેસ સાબિત થતો હોય, આરોપીને દોષિત ઠરાવવા રજુઆત કરેલી છે.

**બચાવપક્ષની દલીલો** :–

**(૧૦)** જયારે બચાવપક્ષે વિ.વ.શ્રી બી.બી.સોલંકીએ પોતાની દલીલમાં રજુઆત કરેલી છે કે, ફરીયાદપક્ષે તપાસેલા ફરીયાદી અને અન્ય સ્વતંત્ર સાહેદોના સમગ્ર પુરાવાઓથી બનાવ વખતે આરોપી સામેના ફરીયાદ આંક–૪૪ આક્ષેપ મુજબ આરોપી ફરીયાદીને ભુંડી ગાળો આપી ઢીકા–પાટુ વડે ઈજા કરી હોય તેવો લેશમાત્ર પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલો નથી. ખુદ ફરીયાદીએ આંક–૩૪ ના પુરાવામાં સ્પષ્ટ જણાવી ગયેલ છે કે," બનાવની તારીખ–વાર–તિથી, માસ ખબર નથી, બનાવને ચાર–પાંચ વર્ષ જેટલો સમય થયેલો છે. આરોપી નીકળેલા અને તેણે મારી સામે જોતા,મેં તેને કહેલ કે સામે શું જોય છે? તેમ કહેલું જેથી તેણે તેની સાથે સામાન્ય બોલાચાલી કરેલી, આ સિવાય બીજુ કાંઈ બનેલ નથી. ત્યારબાદ તે ઘરમા જતા ઠેસ વાગતા નીચે પડી જતા ડાબા પગમાં

ને ગળાના ભાગે મુઢ ઈજા થયેલી, દવાખાને ગયેલા અને બોલાચાલી બાબતે કમલેશ વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જે આંક–૩૫ થી એફ.આઈ.આર. રજુ છે. આમ ખુદ આંક–૪૪ ની ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ હોવાનું ફરીયાદીના પુરાવામાંથી સ્પષ્ટ થતુ ન હોય, ફરીયાદપક્ષે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલ છે તે ઉલટ તપાસમાં પુરાવામાં પણ ફરીયાદ હકીકતોને સમર્થન આપી જતા ન હોય, જયારે બચાવપક્ષે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પોલીસ ફરીયાદ વાંચી સંભળાવેલ નહીં, માત્ર તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા સહી કરેલ હોવાનું અને ફરીયાદમાં આક્ષેપ છે તેવો કોઈ બનાવ બનેલ ન હોવાનું જણાવી ગયેલ છે. જયારે અન્ય સાહેદ હરીભાઈ કેશરભાઈના આંક–૩૬ તથા જેસીંગભાઈ કેશરભાઈ ના આંક–૩૭ તથા સાહેદ કાળાભાઈ કેશરભાઈના આંક–૩૮ ના પુરાવાથી વિશેષ કોઈ સમર્થન મળતુ નથી. જયારે આ સાહેદોના પુરાવાથી કહેવાતા બનાવમાં સામસામી ફરીયાદો થયેલ હોય અને ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય, આમ આ સાહેદના પુરાવામાં વગેરે હકીકતો જોતા ફરીયાદ આક્ષેપથી તદ્દન જુદી હકીકતો જણાવી ગયેલ છે. ફરીયાદ પક્ષે અન્ય તપાસેલા સ્વતંત્ર સાહેદ પુરાવાથી પણ બનાવ હકીકતોને સમર્થન મળતુ નથી. જયારે ફરીયાદપક્ષે સાહેદ હરીભાઈ કેશરભાઈને આંક–૩૬ થી તપાસેલ છે, આ સાહેદ પણ બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલાનો પુરાવો આપી જાય છે કે જે બનાવને નજરે જોનાર સાહેદ છે, તેઓ પણ પોતાના પુરાવામાં ફરીયાદ વાળા બનાવ હકીકતોને સમર્થન આપતા ન હોય અને સામાન્ય બોલાચાલી થયેલાનું જણાવી જાય છે તે સિવાયની કોઈ હકીકતોને સમર્થન આપતા નથી. તેમજ અન્ય સ્વતંત્ર સાહેદો જેમાં બનાવવાળી જગ્યાના પંચનામા આંક–૨૯ ના પંચ રાજેશભાઈ ખોડાભાઈ રાઠોડના આંક–૨૮ તથા પંચ ભુપતભાઈ લાખાભાઈ બાંભણીયાના આંક–૪૨ થી તેમજ આરોપીના અટક પંચનામા આંક–૩૧ ના પંચ સાહેદમહેબુબ શબ્બીર મહંમદબ્લોચના આંક–૩૦ ના તથા પંચ સીરાજ નુરમહંમદ સંધીના આંક–૩૨ ના પુરાવામાં અટક પંચનામાની કાર્યવાહીને મહત્વની બાબતે સમર્થન આપતા ન હોય,પંચનામા ધોરણસર થયેલાનું રેકર્ડ પર પુરવાર થતુ ન હોય પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહીં. જયારે તબીબી સાહેદોના પુરાવા જોતા ડો. વી. પી. ગોહીલએ તેમના આંક–૪૬ના પુરાવામાં ફરીયાદીને તપાસેલ હોય અને તેમને આંક–૪૭ વાળું સારવાર સર્ટી આપેલ હોય, તેમણે કોઈએ ઈજા પહોંચાડેલાની હીસ્ટ્રી આપેલ હોવાનું સર્ટીફિકેટ આંક–૪૭માં નોંધેલ હોવાનું જણાવેલ છે. તે ઈજા માનવામાં આવે તો પણ તેવી ઈજા આરોપીએ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદી અને અન્ય સાહેદ પુરાવાઓથી રેકર્ડ પર રજુ થયેલો નથી. ખુદ ફરીયાદીએ ઠેસ

વાગતા પડી જતા ડાબા પગમાં અને ગળાના ભાગે ઈજા થયેલાનું પુરાવામાં જણાવેલ છે. ત્યારે આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બની રહેતો નથી. પરંતુ ખુદ ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી. ત્યારે મેડીકલ પુરાવાથી આરોપી સામેના આક્ષેપ સાબિત માની શકાય નહીં. ફરીયાદ પક્ષના અન્ય કોઈ પુરાવાઓ ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. પંચ સાહેદોના પુરાવા કે બનાવને અન્ય નજરે જોનાર સાહેદ પુરાવાનું સમર્થન નથી. પક્ષકારો વચ્ચે સામ સામી ફરીયાદો થયેલી છે અને સમાધાન થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. આમ સમગ્ર સંજોગો જોતા આરોપી અને ફરીયાદી વચ્ચે સામાન્ય બોલાચાલીનો બનાવ બનેલ હોય, તેમજ અન્ય કોઈ મહત્વનો અને બનાવને સમર્થનકારક પુરાવો નથી. આમ ફરીયાદપક્ષે રજુ થયેલા સમગ્ર પુરાવાઓથી ફરીયાદપક્ષના તહોમતવાળા આક્ષેપોને કોઈ સમર્થન મળતું ન હોય, બનાવની હકીકતથી તદ્દન જુદી હકીકતો પુરાવામાં જણાવેલ હોય, આરોપી સામેના આક્ષેપો પુરવાર માની શકાય નહી. આરોપી સ્થાનિક રહેવાસી છે તેથી ઓળખે છે. આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

**<u>પૂરાવાનું પૃથ્થકરણ અને મુલ્યાંકન</u> :–**

**<u>મુદા નં.૧અને ૨</u> :–**

**(૧૧)** બંને તરફેની રજુઆત ધ્યાનમાં રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલા પુરાવાઓનું પૃથ્થકરણ તથા મૂલ્યાંકન કરીએ તો ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે જે સાક્ષીઓ તપાસેલા છે જેમાં મહત્વના અને ઈજા પામનાર ફરીયાદી વનિતાબેન કાળાભાઈ જણકાટનાએ આંક–૩૮ની ફરીયાદ અન્વયે આંક–૩૭ ની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની તારીખ–વાર–તિથી, માસ ખબર નથી, બનાવને ચાર–પાંચ વર્ષ જેટલો સમય થયેલો છે. આરોપી નીકળેલા અને તેણે તેમની સામે જોતા, તેણીએ તેને કહેલ કે, સામે શું જોય છે ? તેમ કહેલું જેથી તેણે તેની સાથે સામાન્ય બોલાચાલી કરેલી, આ સિવાય બીજુ કાંઈ બનેલ નથી. ત્યારબાદ તે ઘરમાં અંદર જતી રહેલી અને પગમાં ઠેસ વાગતા નીચે પડી જતા ડાબા પગમાં અને ગળાના ભાગે મુઢ ઈજા થયેલી,જેથી તેના પતિના મોટર સાયકલ ઉપર ઉના દવાખાને લઈ ગયેલા અને પોલીસ આવતા તેમણે બોલાચાલી બાબતે કમલેશ વિરુધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી, જે આંક–૩૫ થી એફ.આઈ. આર. રજુ છે. વધુમાં સાહેદે જણાવેલ છે કે, તેને કોઈએ મન ફાવે તેવી ભુંડી ગાળો બોલી ઢીકા–પાટુનો માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય અને તે અંગે કંઈ ફરીયાદ આપેલ હોય તેવું કંઈ બનેલ નથી. આમ આ સાહેદ પોતાની

ફરીયાદને સમર્થન આપતા ન હોય, ફરીયાદ પક્ષે આ સાહેદને ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલ છે તે ઉલટ તપાસના પુરાવામાં પણ ફરીયાદ હકીકતોને વિશેષ કોઈ સમર્થનકારક પુરાવો આપેલ નથી. જયારે બચાવપક્ષે થયેલ ઉલટ તપાસમાં જણાવી જાય છે કે, તૈયાર લખેલ ફરીયાદમાં સહી કરેલ, એ સિવાય બીજુ કાંઈ જાણતી ન હોય , ફરીયાદ વંચાવેલ ન હોય. આમ આ સાહેદ ખુદ ફરીયાદી અને ભોગ બનનાર છે તે પોતાના પુરાવાથી આંક–૩૫ અને આંક–૪૪ ની ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ બનાવ બનેલ હોવાનું ફરીયાદીના પુરાવામાંથી સ્પષ્ટ થતું નથી.

**(૧૨)** જયારે અન્ય સાહેદ હરીભાઈ કેશરભાઈના આંક–૩૬ તથા જેસીંગભાઈ કેશરભાઈના આંક–૩૭ ના પુરાવાથી જણાવી ગયેલ છે કે," કાળાભાઈની પત્ની વનિતાબેન સાથે કમલેશ ગોવીંદ બોલાચાલી કરતો હતો, બોલાચાલી સામાન્ય પ્રકારની હતી, તેમજ વનિતાબેનને કોઈએ દારુ પીને માર કુટ કરી હોય અને તેઓએ તેને પકડીને ઘરમા ંથાંભલામાં બાંધી દીધેલ હોય તેવું કાંઈ બનેલ નથી કે પોલીસને જણાવેલ નથી. આ સિવાય બીજું કાંઈ બનેલ નથી." આમ ફરીયાદ હકીકતે વિશેષ કોઈ સમર્થન મળતુ નથી. આ સાહેદોને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલ છે, તે પુરાવામાં પણ વિશેષ કોઈ સમર્થનકારક હકીકતો રેકર્ડ પર આવતી નથી. જયારે બચાવપક્ષે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, પોલીસે નામ–ઠામ પુછેલા, અમારે સમાધાન થઈ ગયેલ છે, બનાવ નજરે જોયેલ નથી અને તે પાછળથી આવેલા આમ આ સાહેદોના પુરાવાથી ફરીયાદવાળા બનાવને વિશેષ સમર્થન મળતુ નથી.

**(૧૩)** જયારે બચાવપક્ષે સાહેદ કાળાભાઈ કેશરભાઈ જણકાટ કે જે ફરીયાદીના પતિ છે તેમને આંક–૩૮ ના પૂરાવાને ધ્યાને લેતા જણાવી ગયેલ છે કે, આ કામનો બનાવ આશરે ચાર–પાંચ વર્ષ પહેલા બનેલો, બનાવ તારીખ ૩૦/૦૩/૨૦૧૨ ના રોજ બનેલો, બનાવના દિવસે તે બપોરના ઘરમાં ત્રણેક વાગ્યે સુતો હતો, તે વખતે બહાર તેમની પત્નીનો રાડો પાડવાનો અવાજ આવતા,તે ત્યાં ગયેલા, તો તેની પત્નીને તેમના ગામના દલીત કમલેશ ગોવીંદભાઈ ગાળો બોલી માર મારતો હતો, અને આ કમલેશે દારુ પીધેલ હોય,તેમણ અને તેમના ભાઈ હરીભાઈએ તેની પત્નીને છોડાવેલ અને કમલેશને તેમના ડેલામાં બેસાડેલ. તેમજ તેમના ભાઈ જેસીંગભાઈએ પોલીસને ફોન કરત પોલીસ આવતા આ કમલેશને પકડી ગયેલ. તેની પત્નીને શરીરે દુ:ખાવો થતો હોય, ઉના દવાખાને સારવાર કરાવેલી અને પોલીસે તેની પુછ–પરછ કરી જવાબ લીધેલો આરોપી કોર્ટમાં

હાજર હોય ઓળખી બતાવે છે. આમ આ સાહેદનો પુરાવો જોતા તે ફરીયાદી અને અન્ય સાહેદોના પુરાવાથી તદ્દન જુદી હકીકતો પુરાવામાં જણાવી ગયેલ છે, ફરીયાદ હકીકતને સમર્થન મળતું નથી. જયારે બચાવપક્ષે સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, એ હકીકત ખરી છે કે, આરોપી તેમના ગામના હોય તેથી ઓળખે છે, બનાવ વખતે સુતો હતો, હું પહોંચ્યો ત્યારે બનાવ બની ગયેલ હતો, બનાવની વાત વાતો વાતથી જાણેલી, અમારે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે, સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઈ બનેલ નથી, પોલીસે નિવેદન વંચાવેલ નથી કે તેમાં શું લખેલ તેની ખબર નથી. આમ આ સાહેદની જુબાનીથી બનાવમાં તેણે કાંઈ નજરે જોયેલ ન હોય વિશેષ કોઈ સમર્થન આપી જતા નથી.

**(૧૪)** ફરીયાદપક્ષે ત્યારબાદ અન્ય સ્વતંત્ર સાહેદો જેમાં બનાવવાળી જગ્યાના પંચનામા આંક–૨૯ ના પંચ રાજેશભાઈ ખોડાભાઈ રાઠોડના આંક–૨૮ તથા પંચ ભુપતભાઈ લાખાભાઈ બાંભણીયાના આંક–૪૨થી તપાસેલા છે આ બંને સાહેદોએ પોતાની જુબાનીમાં તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામા વિગતે કાંઈ જાણતા ન હોય, કે બનાવવાળી જગ્યાએ ફરીયાદી હાજર હોય કે તેમને બોલાવેલા હોય તેવું કાંઈ બનેલ ન હોવાનું જણાવી ગયેલ છે. આ સાહેદોને ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલ છે તે પુરાવામાં પણ પંચનામા હકીકતોને સમર્થન આપેલ નથી. તેમજ આરોપીના અટક પંચનામા આંક–૩૧ ના પંચ સાહેદ મહેબુબ શબ્બીર મહંમદ બ્લોચના આંક–૩૦ ના તથા પંચ સીરાજ નુરમહંમદ સંધીના આંક–૩૨ ના પુરાવામાં અટક પંચનામાની કાર્યવાહીને મહત્વની બાબતે સમર્થન આપતા ન હોય, અને તેઓએ પોલીસે તૈયાર લખાણમાં સહી કરવાનું કહેતા સહી કરેલાનું જણાવી વિશેષ કાંઈ જાણતા ન હોવાનું જણાવેલ છે. આ સાહેદોને પણ ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરી તેની ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં તે પુરાવામાં પણ પંચનામાં હકીકતોને સમર્થન આપેલ નથી. ત્યારે પંચનામા નિશંક પુરવાર થતા ન હોય, અને પંચનામાની કાર્યવાહી ધોરણસર થયેલ હોવાનું સાહેદ પુરાવાથી પુરવાર થતું ન હોય, પંચનામા પુરાવામાં ગ્રાહય રાખી શકાય નહીં.

**(૧૫)** જયારે તબીબી સાહેદ ડો.વિકાસ પરસોતમભાઈ ગોહીલના આંક–૪૬ના પુરાવામા જણાવી ગયેલ છે કે, તેમણે વનિતાબેનને તપાસેલ હોય અને તેમણે આંક–૪૭ વાળું સારવાર સર્ટી આપેલ હોય,દર્દીએ તેમને કોઈએ ઈજા પહોંચાડેલાની હીસ્ટ્રી આપેલ

હોવાનું સર્ટીફિકેટ આંક–૪૭ માં નોંધેલ હોવાનું જણાવેલ છે. આથી વિશેષ કોઈ હકીકતો આ સાહેદના પુરાવામાં જણાઈ આવતી નથી.જયારે દર્દીને થયેલ ઈજા માનવામાં આવે તો પણ તેવી ઈજા આરોપીએ કરેલ હોય તેવો લેશમાત્ર પુરાવો ફરીયાદી અને અન્ય સાહેદ પુરાવાઓથી રેકર્ડ પર રજુ થયેલો નથી. ખુદ ફરીયાદીએ ઠેસ વાગતા પડી જતા ડાબા પગમાં અને ગળાના ભાગે ઈજા થયેલાનું પુરાવામાં જણાવેલ છે. ત્યારે આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરુપ બની રહેતો નથી. પરંતુ ખુદ ફરીયાદીએ ફરીયાદ હકીકતને સમર્થન કરેલ નથી ત્યારે આ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષે સમર્થન કરી શકતો નથી.

**(૧૬)** ત્યારબાદ કાળાભાઈ વશરામભાઈ વાઢીયા, નિવૃત એ.એસ.આઈ નાએ આંક–૪૩ ની જુબાનીમાં તેઓ જણાવી ગયેલ છે કે, તા.૩૦/૩/૧૨ના રોજ ઉના પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, અને દવાખાના ડયુટીમાં હાજર હોય,ફરીયાદી વનિતાબેન વા/ઓ કાળાભાઈ જણકાટ રહે.અંજાર વાળા ઉના સરકારી દવાખાનામાં આવેલ હોય તેઓના લખાવ્યા મુજબની ફરીયાદ વિગતવાર લખી લઈ વાંચી સંભળાવી, ફરીયાદીના અંગુઠાનું નિશાન છે અને ઓળખ આપનાર તરીકે તેમના પતિ કાળાભાઈ ની સહી હોવાનું જણાવી આંક–૪૪ થી ફરીયાદ રજુ કરી ઉના પોલીસ સ્ટેશન માં ગુનો નોંધવા રજુ કરેલ હોવાનું જણાવી ગયેલ છે. આમ આ સાહેદે ફરીયાદીની ફરીયાદ નોંધેલ હોય અને તેથી વિશેષ કોઈ કામગીરી કરેલ ન હોવાનુ જણાવી ગયેલ છે. ત્યારબાદ સાહેદ રામનાથ ફુલનાથ ગોસાઈને આંક–૪૮ થી તપાસેલ છે, આ સાહેદ ઉના પોલીસ સ્ટેશન માં પી.એસ.ઓ ચાર્જમાં હતા દરમ્યાન કલાક–૧૬–૫૫ વાગ્યે ડી.ઓ.નં.૨૭૬/૧૨ થી ડો.વી.પી.ગોહીલએ જાણ કરેલ કે, વનિતા કાળાભાઈ જણકાટ, ઉ.વ.–૪૦, રહે.અંજાર વાળા મારામારીમાં ઈજા થતાં સારવામાં આવેલ હોય, જેથી આગળની કાર્યવાહી માટે તેમણે એ.એસ.આઈ. કે. વી. વાઢીયાને રવાના કરેલ અને સ્ટેશન ડાયરી નં.૧૭થી નોંધ કરેલ. ત્યારબાદ ફરીયાદ મળતા ગુનો નોંધી આગળની તપાસ દેલવાડા ઓ.પી.માં એસ. એન. બારેડને સોંપેલ જેની નોંધ સ્ટેશન ડાયરીમાં નોંધ નં. ૨૨/૧૨ થી કરેલ. જે સ્ટેશન ડાયરી અસલ બતાવી ઝેરોક્ષ આંક–૪૯ થી રજુ રાખેલ છું. આમ આ સાહેદે ધોરણસરની ફરીયાદ નોંધ્યા સિવાયની બીજી કોઈ કામગીરી કરેલ ન હોવાનું પુરાવામાં ફલિત થાય છે.

**(૧૭)** ફરીયાદપક્ષે તપાસ કરનાર અધિકારી આર.બી.શર્મા, ડી.વાય.એસ.પી.ને આંક–૫૨થી તપાસેલ છે, તેઓએ પુરાવામાં જણાવેલ છેકે, બનાવના અરસામાં

તે વેરાવળ ડીવીઝનમાં ફરજવ બજાવતા હતા, દરમ્યાન ઉના પો.સ્ટે.ગુ.રજી.નં.ફસ્ટ–૪૧ /૧૨ આઈ.પી.સી.કલમ–૩૪૨,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા એટ્રોસીટી એકટ કલમ–૩ (૧)(૧૦) મુજબનો ગુનો દાખલ થયેલ જેની તપાસ અર્થે તેમની અન્વેષણ ઓફિસર તરીકે નિમણુંક થતાં ઉના પોલીસ સ્ટેશનથી એફ.આઈ.આર.,સ્પેશ્યલ રીપોર્ટ, વગેરે સંલગ્ન કાગળો મેળવી બનાવની હકીકતથી વાકેફ થઈ તપાસ સંભાળેલી.તેમજ સદર ગુનાના અનુસંધાને ઉના પો.સ્ટેશનમાં સેકન્ડ–૩૦૮૩/૨૦૧૨થી આઈ.પી.સી. કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુજબનો ક્રોસ ગુનો દાખલ થયેલ હોય, જે ગુનાની તપાસ સંભાળેલી. ફરીયાદીએ બતાવેલ જગ્યાએ પંચો રુબરુ બનાવવાળી જગ્યાનું પંચનામુ આંક–૨૯ વાળું કરેલ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ નોંધેલા, સારવાર સર્ટીફિકેટ આંક–૪૭ મેળવેલ, આરોપીને અટક કરેલાનું આંક–૩૧થી પંચનામું પંચો રુબરુ કરેલ, અને આરોપીને કોર્ટમાં રજુ કરેલા, ક્રોસ ગુનાની ફરીયાદ આંક–૫૩ રજુ કરેલ અને આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે. આમ આ સાહેદે ધોરણસર તપાસની કામગીરી કરેલાની હકીકતોને પુરાવામાં જણાવેલ છે. જયારે બચાવપક્ષે આ સાહેદની ઉલટ તપાસમાં તેઓ જણાવી ગયેલ છે કે, એ હકીકતોને નકારેલ છે કે, ફરીયાદી અને સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ નહીં પરંતુ ફરીયાદને અનુરુપ જાતે લખી લીધેલા અને પંચનામાં જાતે તૈયાર કરી પાછળથી તેમાં પંચોની સહીઓ લીધેલી હોય તેમજ તેમણે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી રીતે ચાર્જશીટ કરેલ છે. આમ આ સાહેદના પુરાવાથી ફરીયાદવાળા બનાવની તપાસની ધોરણસરની કામગીરી કરેલ હોવાની હકીકતોને સમર્થન પ્રાપ્ત થાય છે. પરંતુ ખુદ ફરીયાદી અને નજર જોનાર સાહેદોના પુરાવાથી ફરીયાદ હકીકતોને સમર્થન પ્રાપ્ત થતું ન હોય તે સંજોગોમાં આ સાહેદના પુરાવાથી આરોપી સામેના આક્ષેપો પુરવાર માની શકાય નહીં.

**(૧૮)** આ કામના ફરીયાદીએ આરોપીએ તેમને આંક–૩૫ની ફરીયાદ મુજબ ભુંડી ગાળો આપેલ હોય કે ઢીકાપાટુ વડે માર મારી દઈ ઈજા પહોંચાડેલ હોય કે, ફરીયાદી ધમકી મારેલ હોય, તેવો કોઈ લેશમાત્ર પૂરાવો પોતાની જુબાનીમાં ફલિત થતો નથી, ત્યારે આરોપી સામેના કોઈ આક્ષેપ શંકારહિત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલા હોય. આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ પુરાવાનું સમર્થન રજુ નથી. ફરીયાદવાળા બનાવને સમર્થનકારક કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, તેજ રીતે અન્ય કોઈ સ્વતંત્ર નજરે જોનાર કોઈ સાહેદ પુરાવા નથી. આરોપી અને ફરીયાદી વચ્ચે સામાન્ય

બોલાચાલીનો બનાવ બનેલ હોય,સામ સામી ફરીયાદો થયેલ હોય અને ઘરમેળે સમાધાન થઈ ગયેલ હોય, તેમજ અન્ય કોઈ મહત્વનો અને બનાવને સમર્થનકારક પુરાવો નથી. આમ ફરીયાદપક્ષે રજુ થયેલા સમગ્ર પુરાવાઓથી ફરીયાદપક્ષના તહોમતવાળા આક્ષેપને કોઈ સમર્થન મળતું ન હોય, બનાવની હકીકતથી તદ્દન જુદી હકીકતો પુરાવામાં જણાવેલ હોય, આરોપી સામેના આક્ષેપો પુરવાર માની શકાય નહી.

**(૧૯)** રેકર્ડ જોતા આંક–૨૪ થી આરોપી વિરુધ્ધ તહોમત ફરમાવવામાં આવેલ છે જેમાં આરોપી વિરુધ્ધ ફરીયાદી સાહેદોને ભુંડીગાળો આપી ફરીયાદીને ઢીકા–પાટુ વડે માર મારી, જાનથી મારી નાખીશ તે મુજબ બોલીને આરોપીએ ઈ.પી.કોડ કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨) મુબજનો ગુનો કર્યાના તહોમત નામાના આક્ષેપો જોતા રેકર્ડ પર રજુ થયેલા સમગ્ર પુરાવાના સંજોગોની ચર્ચા અને કેસના સંજોગોને ધ્યાને લઈ આરોપી સામેના આક્ષેપો નિઃશંકપણે સાબિત થતા ન હોય આરોપીને ગુના સાથે સાંકળી શકાય કે કસુરવાર ઠરાવી શકાય તેમ નથી. આ સંજોગોમાં ઉપર મુજબની સમગ્ર ચર્ચાના અંતે મુદા નં.૧ અને ૨ ની હકિકતો નિઃશંકપણે સાબિત થતી ન હોય, મુદા નં.૧ અને ૨ના જવાબ સ્પષ્ટ નકારમાં ઠરાવી, મુદા નં.૩ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–:: <u>હુ ક મ</u> ::–**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ :૨૩૫(૧)મુજબ આરોપી કમલેશભાઈ ગોવીંદભાઈ રાઠોડ, રહે.અંજાર, તા.ઉના, જી. ગિરસોમનાથ વાળાને ઈ. પી. કો. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબના સજા અને દંડને પાત્ર ગુન્હામાંથી આપી શંકાનો લાભ આપી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ ટ્રાયલ દરમ્યાન જામીન પર મુકત હોય તેઓના બેલબોન્ડ કેન્સલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩) ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૪૩૭(એ)ની જોગવાઈઓ અને શરતો મુજબ આરોપીએ રુપિયા ૫,૦૦૦/–(અંકે, પાંચહજાર રુપિયા પુરા) ના જાતમુચરકા તથા તેટલી જ રકમના જામીન હુકમ તારીખથી ૬ મહીનાના સમયગાળા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૫ મુજબ જજમેન્ટની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગીર સોમનાથને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(**૫**) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫ર તથા ક્રિમીનલ મેન્યુઅલ પારા–૨૨૭ મુજબ આ કામે મુદામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબનો તમામ મુદામાલ અપીલ સમય પૂર્ણ થયા બાદ નિકાલ/નાશ કરવો.

આજ તારીખ–૧લીઃ માહે–ઓકટોંબર : સને–૨૦૧૮નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૧/૧૦/૨૦૧૮.
સ્થળ : ઉના.

**(સંજયકુમાર લવજીભાઈ ઠકકર)**
ત્રીજા,એડીશનલ સેશન્સ જજ, ઉના.
જી.ગીરસોમનાથ.
(કોડ નં.જીજે–૦૦૫૮૮)